# સરદાર વલ્લભભાઇ પટેલ જન્મજયંતિ

૩૧મી ઓકટોબરના રોજ પ્રખર રાષ્ટ્રભકત સરદાર વલ્લભભાઇ પટેલના જન્મદિને સમગ્ર દેશમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે ઉજવણી અંતર્ગત મોટાકરણપુરા પ્રા.શાળા દ્વારા શાળામાં 'એકતા દોડ-રનફોર યુનિટી'નું આયોજન કરવામાં આવે છે. ગામના ગામજનો જોડાઇને દેશને સમૃદ્ધ બનાવવા એક, નેક અને મજબુત બનાવવા, દેશની એકતા અને અખંડિતતા માટે કાર્યરત બનવા સંકલ્પ કરી તેને ચરિતાર્થ કરવા 'એકતા દોડ-રન ઓફ યુનિટી'માં મોટી સંખ્યામાં જોડાયા. આપણે એકતાના અભાવે પરતંત્ર રહયા હતા. જે સ્વતંત્રતા બાદ દેશની અખંડિતતા માટે ૫૬૨ રજવાડાઓનું એકીકરણ કરવાનું ભગીરથ કાર્ય કુશળ વહીવટકર્તા સરદાર વલ્લભભાઇ પટેલએ પુરૂં પાડયું હતું. આપણે પણ સ્વતંત્ર ભારતની એકતાના શિલ્પકાર અને કુશળ વહીવટકાર સરદાર વલ્લભભાઇ પટેલના ચિરસ્થાયી કર્તવ્યને સમાદરપૂર્વક સ્મૃતિબદ્ધ કરવા, એને જન જન સુધી પહોંચાડી એકતાના સુત્રમાં બાંધવા યૌવન સહજ જોમથી ભાંવાજલિ આપવાના પ્રતિક સ્વરૂપ યોજાયેલા આ "એકતા દોડ-રન ફોર યુનિટી" કાર્યક્રમમાં જોડાઇને દેશની પ્રગતિમાં સહભાગી બનવા સાથે સરદાર વલ્લભભાઇ પટેલના સ્વપ્નને ચરિતાર્થ કરવા રાષ્ટ્રની એકતા,અખંડિતતા અને સુરક્ષા ટકાવી રાખવા તેમજ દેશની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા યથાયોગ્ય ફાળો આપવા અંગેના "રાષ્ટ્રીય એકતા દિવસ શપથ" લેવામાં આવે છે. 'એકતા દોડ' પુરી થયા બાદ મોટાકરણપુરા પ્રા.શાળા માં સરદાર વલ્લભભાઇ પટેલની  પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કરી આ યુગપુરૂષને વંદના કરવામાં આવેલ છે.